Ch 1

[Q - 1]. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) કીડીઓને ત્યાં આવવામાં કેટલો સમય લાગ્યો?

- કીડીઑ થોડી સેકન્ડમાં જ આવી ગઈ.

(2) પહેલા એક જ કીડી આવી કે કીડીઓનું જુથ આવ્યું?

- પહેલા એક જ કીડી આવી.

(3) કીડીઑ ખોરાક સાથે શું કરતી હતી.

- કીડોઑ ખોરાકની ચારે બાજુ એકઠી થઈ ખોરાક ને મેળવતી હતી.

(4) કીડીઑ ત્યાથી કયાં જાય છે?

- કીડીઑ ત્યાથી પોતાના દર તરફ જાય છે.

(5) શું તે હરોળમાં જાય છે?

- હા, તે હરોળમાં જાય છે.

(6) હવે, કીડીઑ કેવી રીતે જાય છે?

- કીડીઑ હવે પેન્સિલ ને ફરીને નવા રસ્તે જાય છે.

(7) મનુષ્યો કૂતરાની આ સૂંઘવાની આવડતનો કઇ ખાસ રીતે ઉપયોગ કરે છે?

- પોલીસ ચોરને પકડવામાં કે બોમ્બ સ્કવોડ બોમ્બ શોધવા માટે કૂતરાની સૂંઘવાની આવડતનો ખાસ રીતે ઉપયોગ કરે છે?

(8) તમને તમારી સુગંધની ઇન્દ્રિય કયાં મદદરૂપ બને છે? થોડા ઉદાહરણ લખો. જેમકે સુગંધથી ખોરાક સારો બન્યો છે કે ખરાબ બન્યો છે.

- ફૂલની સુગંધ જાણવા માટે , અત્તર કે બોડી સ્પ્રેની સુગંધ જાણવા માટે વગેરે.

(9) એવા પ્રાણીના નામ આપો જેને જોયા વગર તેની સુગંધથી તમે ઓળખી શકો.

- ભેંસ, બકરી, ઘેટું, ગાય, વગેરે.

(10) એવી પાંચ વસ્તુઓના નામ લખો જેની સુગંધ તમને ગમે છે અને જેની સુગંધ તમને ગમતી નથી.

- સુગંધ ગમે છે તે (1) ફૂલ (2) અત્તર, સ્પ્રે (3) ગુલાબજળ (4) ચંદન (5) મીઠાયસુગંધ ગમતી નથી તે (1) મળ, કચરો (2) પ્રાણી , મૃતદેહ (3) ગટરનું પાણી (4) કેરોસીન (5) સડેલી વસ્તુઓ

(11) શું તમારા કુટુંબમાં કોઈ સભ્યના કપડામાંથી સુગંધ આવે છે?

- હા, કપડામાં પરફ્યુમ છાટેલું હોય તો સુગંધ આવે છે.

(12) તમે મેળો, બસ, ટ્રેન વગેરે જેવી ભીડભાડવાળી જગ્યાઓએ કોઈ દુર્ગંધ અનુભવી છે?

- હા, ભીડભાડવાળી જગ્યાએ લોકોના કપડામાંથી પરસેવાની દુર્ગંધ, મોજામાંથી પણ દુર્ગંધ આવે છે.

(13) એવા પક્ષીનું નામ લખો જેને માણસની જેમ આગળની તરફ આંખો હોય છે.

- ઘુવડ અને સમડી

(14) એવા પક્ષીઑના નામ લખો જેને માથાની બાજુઓ પર આંખો હોય છે તેમની આંખોનું કદ તેમના માથાના કદ કરતાં કેવું હોય છે?

- ચકલી, કબૂતર, પોપટ, કાબર, હોલુ, કાગડો, કોયલ, મોર વગેરે.

(15) તમે તમારા મિત્રની પ્રવૃતિ ગાર્ડન હલાવ્યા વગર જોઈ શકો છો?

- હા, આંખની કીકીને એકબાજુ લઈ જઇને મિત્રની પ્રવૃતિ જોઇ શકાય છે.

(16) હવે તમારા મિત્રની પ્રવૃતિ બંને આંખોથી ગરદન હલાવ્યા વગર જોવા પ્રયત્ન કરો.

- મિત્રની પ્રવૃતિ બંને આંખોથી ગરદન હલાવ્યા વગર સરળતાથી જોઈ શકાય છે.

(17) એક અથવા બંને આંખોથી જોવામાં શું તફાવત છે?

- એક આંખથી જોવામાં મુશ્કેલી પડે છે. જ્યારે બંને આંખો વડે જોવાથી સહેલાઇથી અને વધુ સ્પષ્ટ જોઈ શકાય છે.

(18) શું તમે અનુમાન કરી શકો કે ગરુડ જમીન પર પડેલી રોટલી કેટલા અંતરથી જોઈ શકે છે?

- ગરુડ જમીન પર પડેલી રોટલી 3.5 કિલો મીટર દુરના અંતરથી જોઈ શકે છે.

(19) દસ પ્રાણીઓના નામ લખો જેમના કાન જોઈ શકાય છે.

- ગાય, ભેંશ, કૂતરો, બિલાડી, ઘેટાં, બકરા, ઊંટ, હાથી, વાંદરો, બળદ વગેરે.

(20) કેટલાક  એવા પ્રાણીઓના નામ લખો જેમના કાન આપણા કાન કરતાં મોટા હોય છે.

- હાથી, ગાય, ભેંશ, બકરી, ઊંટ વગેરે

(21) શું તમે પ્રાણીઓના અવાજ સમજી શકો છો? ક્યાં-ક્યાં?

- હા, કૂતરો, ગાય, ભેંશ, બકરી વગેરે.

(22) શું કેટલાક પ્રાણીઓ તમારી ભાષા સમજે છે? ક્યાં-ક્યાં?

- હા, કૂતરો, ગાય, ભેંશ, બકરી, બળદ વગેરે

(23) અહી કેટલાક પ્રાણીઓના ઊંઘવાના સમય છે. નીચે આપેલા દરેક ચિત્રની નીચે તે દિવસમાં કેટલા કલાક ઊંઘે છે તે લખો.

- (1). ગાય – 4 કલાક
- (2)  જિરાફ – 2 કલાક
- (3)  અજગર – 18 કલાક
- (4)   બિલાડી – 12 કલાક

(24) જંગલમાં વાઘના અસ્તિત્વ પરના જોખમ વિશે તમે શું વિચારો છો?

- વાઘને તેમના ચામડા મેળવવા માટે લોકો ટેન મારી નાખે છે, તેથી તેના અસ્તિત્વ પર જોખમ રહે છે.

(25) શું મનુષ્ય પણ પ્રાણીઓ માટે જોખમી છે? કેવી રીતે?

- મનુષ્યો પ્રાણીઓ માટે જોખમી છે. હાથીને તેમના દાત માટે, ગેંડાને તેમના શિંગડા માટે, વાઘ, મગર અને સાપને તેની ચામડી માટે, કસ્તુરી મૃગને તેનામાં રહેલી કસ્તુરી માટે શિકાર કરીને વેચે છે.

(26) ભારતમાં રાષ્ટ્રીય ઉધ્યાનો તથા અભ્યારણો બીજે ક્યાં ક્યાં આવેલા છે?

- ઉતરાખંડ: "જીમ કોબર્ટ નેશનલ પાર્ક", રાજસ્થાન:"ભરતપુર જીલ્લામાં ઘાના", ગુજરાતમાં: "ગીર, કાળિયાર, દરિયાઈ, વાસંદા રાષ્ટ્રીય ઉધ્યાન"